सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૦ માર્ચ ૨૦૦૦ અંક ૪

## વાલીઓને..........

### શિક્ષણનું માધ્યમ

બાળકને કોઈપણ શાળામાં મૂકતાં સૌથી વધુ મૂંઝવણ વાલી એ અનુભવે છે કે " પોતાના બાળકને અંગ્રેજી માધ્યમમાં મૂકવું કે ગુજરાતી માધ્યમમાં મૂકવું ? " મોટે ભાગે એવું સાંભળવા મળે છે ' અંગ્રેજી બહુ મહત્વનું છે એટલે અંગ્રેજી માધ્યમમાં જ મૂકવું જોઈએ ને ! '

નિર્વિવાદ રીતે અંગ્રેજી ખૂબ મહત્વ ધરાવતી ભાષા છે અને વિશ્વના દેશો સાથેનાં જ નહીં પણ સ્થાનિક વ્યવહારો માટે તે અનિવાર્ય ભાષા છે તે વિશે મતભેદ નથી , પણ અંગ્રેજી ભાષાના પ્રભુત્વ માટે માધ્યમ તરીકે અંગ્રેજી જ હોવું જોઈએ તે જરૂરી ખરું ? તે યક્ષ પ્રશ્ન છે.

ખૂબ સારું અંગ્રેજીનું શિક્ષણ આપવું તેવી આ સંસ્થાની નીતિ રહી છે. નાના બાળકને જે જ્ઞાન મેળવવું છે તે સાહજીક રીતે પોતાની ભાષામાં જ તે મેળવે તો ખૂબ જ હળવાશથી શીખે છે. અને પચી શકે છે. જે વિષય તેને શિખવો છે તેનો ભાર તેને ન લાગે. સાવ અજાણી ભાષા શિખવાની સાથે સાથે વિષયનું જ્ઞાન મેળવવાની પ્રક્રિયા તેને માટે 'ઢસરડો' બની જાય , સમજ વીના માત્ર યાદશક્તિથી આ જ્ઞાન મેળવવાની આખી પ્રક્રિયા માત્ર ગોખણપટ્ટી જ બની જાય.

હવે કોમ્પ્યુટર આવતાં જેમ અંગ્રેજી ભાષાનું જ્ઞાન મેળવવું ઉપકારક છે તેમ અંગ્રેજી સાહજીક રીતે શિખવામાં કોમ્પ્યુટર ઉપકારક બને છે. અનાયાસે અંગ્રેજી સાથે બાળકનો મહાવરો સાહજીક બની જાય છે. જેમ ઓછું અંગ્રેજી જાણકાર લોકો પણ તેમના ક્રિકેટના રસને લીધે અંગ્રેજી કોમેન્ટરી સમજી શકે છે તેવું જ આમાં બને છે, એટલે વિષયોનું જ્ઞાન અંગ્રેજીમાં આપવાને સ્થાને તેને બાકીનાં વ્યવહારમાં અંગ્રેજીનો મહાવરો આપવાનો અભિગમ પ્રયોજવો જોઈએ. આમ માધ્યમ માતૃભાષા રાખીને ઉત્તમ પ્રકારનું અંગ્રેજી જાણી શકે તેવી ભૂમિકા રચાવી જોઈએ. સૂત્રાત્મક રીતે કહીએ તો ' માધ્યમ ગુજરાતી - ઉત્તમ અંગ્રેજી' નો અભિગમ પ્રાથમિક કક્ષાનાં ધોરણોમાં બાળકો માટે પ્રયોજવો ઉચિત છે. અને આનંદ એ વાતનો છે કે જે બાળકોના વાલીની બદલી થતાં અન્ય બીનગુજરાતી રાજ્યોમાં તેમના બાળકને અંગ્રેજી માધ્યમમાં દાખલ કરવાની પરિસ્થિતિ ઉભી થાય ત્યારે આ સંસ્થામાં પ્રાથમિક વિભાગમાં અભ્યાસ કરેલા બાળકને પણ કોઈ મુશ્કેલી પડતી નથી, એવો સુખદ અનુભવ અમને થયો છે. હકીકતમાં શાળા અને ઘરના આ બાબતમાં અભિગમ સમાન હોઈ આવા કિસ્સાઓમાં કોઈ જ પ્રશ્ન ઉભો થતો નથી.

હવે પ્રાથમિક વિભાગમાં કોમ્પ્યુટરનો અભ્યાસ આવતાં અનાયાસે આ વિદ્યાર્થીઓ અંગ્રેજી શબ્દોથી સાહજિક રીતે પરિચિત થતા જાય છે. તે સુખદ અનુભવ થાય છે. કેટલાક સોફ્ટવેર અંગ્રેજીમાં હોઈ આ લાભ અનાયાસે પ્રાપ્ત થાય છે. આ પરિસ્થિતિનો ઉપયોગ કરીને રોજીંદા વ્યવહારમાં પણ અંગ્રેજીમાં બાળકો બોલતાં ચાલતાં થાય તેવું આયોજન ગોઠવવાનો અમારો પ્રયત્ન છે. અંગ્રેજી એ ભાષા તરીકે વ્યવહારો માટે અત્યંત પ્રબળ અને અનિવાર્ય માધ્યમ છે તે બાબત અમારી નજરમાં સ્પષ્ટ છે. સાથે સાથે તે માટે શિક્ષણનું માધ્યમ અંગ્રેજી હોવું ઘટે તેનો સ્વીકાર થઈ શકે તેમ નથી કારણકે સૌથી મહત્વની વસ્તુ બાળકો સહેલાઈથી વિષયો, ખાસ કરીને ભાષા અને ગણિત શીખે, તેમાંની તેઓની સંકલ્પનાઓ સ્પષ્ટ થાય અને તે પણ ભાર વિના એ બહુ જરૂરી છે.

મોટા ભાગના વાલીઓને આ વાત સમજાઈ છે તેનો મને આનંદ છે.

ઇન્દુભાઈ દવે
ના વંદન

### વેશભૂષા સ્પર્ધા - એક ચિંતન

" મેરી ઝાંસી મેં નહીં દુંગી નહીં દુંગી નહીં દુંગી " હાથમાં તલવાર અને ટટ્ટાર ડોક, અજબ જુસ્સાથી બેન ખેવનાએ જ્યારે ઝાંસીની રાણીનું પાત્ર ભજવ્યું ત્યારે મોંમાંથી વાહના ઉદ્ગાર સરી પડયા... આટલી નાની ખેવના ! એણે એ પાત્રની અભિવ્યક્તિ આબેહૂબ કરી અને એને તેની ટુકડીમાં પ્રથમ ઈનામ મળ્યું. એવું જ હતું ભાઈ યત્નનું. મિયાં ફુસકીના જેવી આબેહૂબ વેશભૂષા તો ખરી જ પણ એની બોલવાની રીત, હાવભાવ, અદા, મિયાં ફુસકીની વાર્તા વાંચતા બાલમાનસ સામે મિયાં ફુસકીનું જે પાત્ર ઉપસ્યું હોય તેવું જ આબેહૂબ પાત્ર તેણે ભજવ્યું અને તેને પણ તેની ટુકડીમાં પ્રથમ ઈનામ મળે જ તેવી તેની અભિવ્યક્તિ હતી. આટલાં નાનાં બાળકોની આ શક્તિ માટે ખૂબ માન થાય તેવું હતું. આનંદ અને ગૌરવની લાગણીથી જાણે હૃદય ઉભરાતું હતું.

એવું જ સુંદર રીતે ભાઈ કરણે લાલુ યાદવનું પાત્ર ભજવ્યું...આબેહૂબ વેશભૂષા, એવી જ અદા ને એવી જ છટા, પ્રથમ ઈનામનો અધિકારી તો તે પણ બન્યો. પણ મનમાં કેટલાક પ્રશ્નો સળવળ્યાં. નાના બાળકો માટે આવી જે કંઈ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવે છે. તેની પાછળ બાળકનાં વ્યક્તિત્વનાં સર્વાંગી વિકાસ માટે અને તેનાં ચારિત્ર્યનાં ઘડતર માટેની મથામણ હોય છે. અને એટલે જ પોતાનું બાળક જ્યારે આવી સ્પર્ધામાં ભાગ લેવાનું હોય ત્યારે માબાપે તેને માટે પાત્રની પસંદગી બહુ જ વિચારપૂર્વક કરવી જરૂરી બને છે. અભિવ્યક્તિની કુશળતા સાથે પાત્રની લાક્ષણિકતામાં રહેલી સારી કે નરસી બાજુનો વિવેક આ કક્ષાએ વાલીમાં હોય છે ? જે કંઈ રજૂ થાય તે સારૂ છે કે કેમ તે વિચારી પાત્રોની પસંદગી કરવી ઘટે.

એક ગાંડાનું પાત્ર રજૂ થયું. ગાંડાનું પાત્ર ભજવવું એ પણ કંઈ સહેલું નથી. જીગરે એ સરસ રીતે ભજવ્યું. પણ એને બોલવાનાં સંવાદની પસંદગીમાં અપરિપકવતા વ્યકત થઈ. આજે ચારે બાજુથી ટી.વી. અને ફિલ્મોનાં ઘેરા પ્રદૂષણ વચ્ચેથી આપણા બાળકને કેમ બચાવવું એ સમસ્યા આપણને સતત સતાવે છે ત્યારે એને યોગ્ય સંવાદ બોલવાની તાલીમ આપવી જોઈએ. એના ચારિત્ર્યના ઘડતર માટે આ

બહુ જરૂરી છે.

ન્યુઝરીડરની અભિવ્યક્તિ પણ ખૂબ સરસ હતી. પણ એને માટેનો સંવાદ એ બાળક માટે યોગ્ય હતો ખરો ? પૂર્વગ્રહોથી બાળક દૂર રહે એ વધુ જરૂરી છે. આવા કાર્યક્રમો યોજાય છે ત્યારે બાળકની શક્તિનો ખ્યાલ તો આવે જ છે અને તે સાથે માબાપની પરિપકવતાનો પણ ખ્યાલ આવે છે. બાળકના ઘડતરમાં તો પળે પળે ધ્યાન રાખવાનું હોય છે એને માટે સૂઝ જોઈએ, દ્રષ્ટિ જોઈએ બાળક આપણે કહીએ તેમ નહી આપણે કરીએ તેમ કરે છે અને એટલે જ આપણા આચાર,વિચાર અને વાણી એ બધું જ આદર્શ હોવું જોઈએ. બાળકના ઘડતર માટે એ પાયાની જરૂરિયાત છે. એ આપણે કેમ ભૂલીએ !!!

**ઊર્મિલા શાહ**

### ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન

તા.૯-૧-૨૦૦૦ને રવિવારે સવારે ૯-૦૦ વાગે શારદામંદિરનાં પ્રાંગણમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો વિશાળ સમૂહ એકઠો થયો હતો. એકરીતે કહીએ તો બે થી ત્રણ પેઢીનું મિલન અહીં જોવા મળતું હતું. આ વાતાવરણમાં આનંદનો એક હિલોળો જાણે કે આવ્યો હતો અને " હવામાં આજ વહે છે ખુશખુશાલી " એનો અનેરો અનુભવ થતો હતો. કેટલાંક સાવ અણધાર્યા પરંતુ જેમનું આગમન આશ્ચર્ય અને આનંદનો અનુભવ કરાવે તેવું હતું. બેન પ્રીતી સેનગુપ્તાને જોઈ આનંદની એક લહેરી પ્રસરી ગઈ. " હું કાલે જ અમેરિકાથી આવી અને ખબર પડી કે આવું સ્નેહમિલન છે એટલે હોંશે હોંશે સૌને મળાશે માની આવી ગઈ અને ખરેખર આજે આ સૌને મળીને અત્યંત આનંદ થયો. " તેવી લાગણી વ્યકત કરી. એવી જ રીતે શારદામંદિરનાં ભૂતપૂર્વ કાર્યકર કે જેમણે પ્રાથમિક વિભાગમાં આચાર્ય તરીકે ઘણો લાંબો સમય કામ કર્યું હતું. તે બાબુભાઈ મોહનલાલ ત્રિવેદીના બે પુત્રો ભાઈ નરેન્દ્ર અને દિપક આગળનાં દિવસે જ અમેરીકાથી આવ્યા હતા. તેઓ પણ અનાયાસે પોતાનાં જૂના મિત્રોને આ રીતે મળવાનો પ્રસંગ બન્યો તે બદલ ખૂબ આનંદ વ્યકત કરતાં હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રાંગણમાં દાખલ થતાં જ સૌ પોતાનાં જૂના મિત્રોને જોઈને ઉષ્માભર્યા હૃદયે ભેટી પડતાં હતાં. કેટલાક તો અમદાવાદમાં જ રહેતાં હોવા છતાં ૨૦ થી ૨૫ વર્ષનાં ગાળા પછી એકબીજાને મળતાં હતાં. સાથે સાથે એવા જુથ પણ હતાં કે જેઓ પોતાના વર્ગનાં વિદ્યાર્થીઓનાં કુટુમ્બ સાથેનું મિલન એક કે બે મહિને નિયમિત રીતે ગોઠવે છે અને પોતાનો સંપર્ક સતત તાજો રાખે છે. પ્રસંગ એટલો આનંદદાયક બની ગયો હતો કે સૌ ' આવો કાર્યક્રમ રાખ્યો તે બહુ જ સારું થયું ' એવું કહેતાની સાથે 'હવે દરવર્ષે આવું ગોઠવજો 'એવું સૂચન પણ કરતાં હતાં.

કાર્યક્રમમાં વિધિવત્ રીતે કંઈ જ રાખવામાં આવ્યું ન હતું. શરૂઆત ચા નાસ્તાથી થઈ અને સૌ દસ સવા દસ વાગ્યે પ્રાંગણમાં એકઠા થયાં. ભાઈ અમરે અત્યંત ભાવવાહી પ્રાર્થના રજૂ કરી. સંસ્થાના નિયામક શ્રી દિનુભાઈએ સૌને આવકારતાં આ અમૃતમહોત્સવના વર્ષમાં સ્નેહમિલન ગોઠવવાનો વિચાર સ્ફૂર્યો તેની ભૂમિકા સમજાવી. તેમણે શારદામંદિરની આગવી વિશિષ્ટતા અને પારિવારિક વાત્સલ્યની ભાવનાં વિશે જણાવતાં કહયું ' અહીં ત્રણ પેઢી એકઠી થઈ છે તે મનને અત્યંત પ્રસન્ન કરે છે તેમણે ૨૦ વર્ષથી સતત ચાલતાં 'શારદ ' વિષે, સંસ્થાની પ્રવૃત્તિઓ વિષે જણાવીને સૌને આવકારતાં આનંદની લાગણી વ્યકત કરી હતી. ત્યારબાદ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના પ્રમુખ શ્રી ધનપાળભાઈ શાહે આ મંડળ સ્થાપવાની ભૂમિકા સમજાવી હતી. તેમજ આ મંડળની સ્થાપનામાં સંસ્થાને ઉપયોગી થાય તેવા હેતુઓનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે આપણા સૌના મનમાં આપણી આ માતૃસંસ્થા ખૂબ આગળ વધે તેવી ભાવના છે. તેમણે પ્રતિકરૂપે પ્રાતઃપ્રાર્થનાનું આયોજન ૩૦મી જાન્યુઆરીએ કરવાનું સૂચન કર્યું હતું જેને ઉષ્માભર્યો પ્રતિસાદ પ્રાપ્ત થયો. આ ઉપરાંત ભાઈ અમર ભટ્ટે એક સંગીતના કાર્યક્રમનું આયોજન કરીને ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની પ્રવૃત્તિઓને આગળ ઉપર ચાલુ રાખવાની આશા વ્યકત કરી હતી. પોતાની અત્યંત નાદુરસ્ત તબિયતને અણદેખી કરી દાકતરની સલાહને ઉવેખીને પણ તેઓ આ કાર્યક્રમમાં આવ્યા તે તેમની સંસ્થા પ્રત્યેની પ્રેમની લાગણી દર્શાવે છે. તેમનાં પિતાજી શ્રી જયંતિભાઈએ પણ સંસ્થાના વિકાસ માટે સિંહફાળો આપ્યો હતો તે ઉલ્લેખનીય છે.

કાર્યક્રમ લગભગ ચારેક કલાક ચાલ્યો સૂરુચિપૂર્ણ ભોજન લઈને એક સુંદર કાર્યક્રમમાં ભાગ લીધો હોય તેવો આનંદ અને સંતોષની લાગણી સાથે સૌ છૂટા પડયાં. આખોય પ્રસંગ એક યાદગાર સંભારણું બની ગયો.

## સંસ્થાનું ગૌરવ

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ શૈલેશ રાવળ હાલમાં ' ઈન્ડિયા ટુડે'ના ફોટોગ્રાફર છે. પત્રકારત્વમાં પ્રદાન બદલ ગુજરાત સરકારે ૧૯૯૭-૯૮ માટે ફોટોજર્નાલિઝમ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન માટે તેમની એવોર્ડ માટે પસંદગી કરી છે. આ એવોર્ડમાં શ્રી શૈલેશભાઈને રૂ.૨૫૦૦૦/ ની રકમ તથા સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા છે. છેલ્લાં દસ વર્ષથી પ્રેસફોટોગ્રાફીમાં તેમણે સંદેશ , ગુજરાત સમાચાર તથા ઈન્ડિયા ટુડેમાં આગવી ઓળખ ઉભી કરી છે. શ્રી શૈલેશભાઈને ખૂબ ધન્યવાદ.

શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી હેમેન્દ્રભાઈ શાહને ફોટો જર્નાલિઝમ ક્ષેત્રે ૧૯૯૮-૯૯ વર્ષ દરમ્યાન શ્રેષ્ઠ પ્રદાન માટે એવોર્ડ મળ્યો છે. આ એવોર્ડમાં પણ શ્રી હેમેન્દ્રભાઈને રૂ.૨૫૦૦૦ /- ની રકમ તથા સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા છે. શ્રી હેમેન્દ્રભાઈને ખૂબ અભિનંદન.

શારદામંદિર આ માટે ગૌરવ અનુભવે છે. અને ભાઈશ્રી શૈલેશભાઈ રાવળ તથા શ્રી હેમેન્દ્રભાઈ શાહની હજી ય ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામના પાઠવે છે.

## પર્સનાલીટી ડેવેલપમેન્ટ કોર્સ ફોર લેડીઝ

ઉપરોકત વર્ગનો સર્ટીફીકેટ વિતરણ કાર્યક્રમ તા.૧૪-૩-૨૦૦૦નાં રોજ સાંજે ૭-૩૦ વાગે મુ.શ્રી દિનુભાઈનાં અધયક્ષપદે યોજાયો. બહેનોએ આ કોર્સ અંગે ખૂબ સંતોષ વ્યકત કર્યો અને એમાંથી જીવનમાં એક નવું જ દ્રષ્ટિબિંદુ પામ્યાં છે. તેવા પ્રતિભાવ આપ્યાં. આખોય કોર્સ ખૂબ સફળ રહયો.

## પરીક્ષા

પરીક્ષા એ આધુનિક શિક્ષણ પ્રણાલીનું અનિવાર્ય અંગ છે. તેનું મહત્વ હું પણ સમજું છું. પરંતુ પરીક્ષામાં મેળવેલ ગુણને એકમાત્ર પારાશીશી બનાવી દેવાથી વિદ્યાર્થીમાં તીવ્ર સ્પર્ધાત્મક વલણ જન્મે અને શિક્ષણનો મૂળ હેતુ વ્યક્તિત્વનો વિકાસ કયાંય પાછળ રહી જાય. છાત્ર પરીક્ષણને વધુ અસરકારક અને અર્થપૂર્ણ બનાવવા માટે વિદ્યાર્થીની વિચાર અન્વેષણ અને રચના કરી શકવાની ક્ષમતાને ધ્યાનમાં લેવી જોઈએ. સત્ર દરમ્યાન તેણે ગોખેલા પાઠોનું પુનરાવર્તન કરવાની શક્તિનું પરીક્ષણ તો માત્ર સ્મૃતિકસોટી બની રહે ! પરીક્ષા પધ્ધતિ તો એવી હોવી જોઈએ કે તેની અભિરૂચિ સતત વધતી રહે.

**આલ્બર્ટ આઈન્સ્ટાઈન.**

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા. ૨૧-૧-૨૦૦૦ને શુક્રવારે તાલીમના બાળકો માટે વેશભૂષા સ્પર્ધા યોજાઈ . બાળકોએ ખૂબ ઉત્સાહપૂર્વક તેમા ભાગ લઈ વિવિધ પાત્રોને સુંદર અભિનય અને અભિવ્યક્તિ દ્વારા રજૂ કર્યો.

તા. ૮-૨-૨૦૦૦ને મંગળવારે તાલીમનાં બાળકોમાટે ચિત્રસ્પર્ધા યોજવામાં આવી. બાળકો રંગ અને રેખાની દુનિયામાં એવા તો ખોવાઈ ગયા. એમને આમ તન્મય થઈ ચિત્ર કરતાં જોવા એ પણ એક લ્હાવો હતો.

તા. ૧૯ તથા ૨૬મી ફેબ્રુઆરીએ બાલમંદિરનાં બંને વિભાગના બાળકો જલારામ મંદિર તથા ભગતબાગ ગયાં હતાં. મંદિરમાં ભાવપૂર્વક દર્શન કર્યા. આખુંય મંદિર રસપૂર્વક જોયુ અને પછી આનંદ પૂર્વક પ્રસાદ લીધો. બાળકોને બાગમાં મુક્ત વાતાવરણમાં રમવાની ખૂબ મઝા પડી.

તા. ૧૧-૩-૨૦૦૦ને શનિવારે વાલી અને શિક્ષકનાં માર્ગદર્શન નીચે બાળકોએ બનાવેલા નમૂનાઓનું એક સુંદર પ્રદર્શન યોજવામાં આવ્યું. વાલીઓએ ખૂબ ઉત્સાહ પૂર્વક તેની મુલાકાત લીધી અને બાળકોની સર્જનાત્મક શક્તિ જોઈ મુગ્ધ બની ગયા.બાળકોએ બનાવેલ સ્ટેડીયમ, પ્રાણીસંગ્રહાલય, ગ્રામ્યજીવન વિ.નમૂના ખૂબ સંદર હતાં. બાળકોમાં અગાધ શક્તિ પડેલી છે, તેવો સાદ આ પ્રદર્શનમાં રજૂ થતો હતો.

તા. ૧૮-૩-૨૦૦૦ ને શનિવારે બાલમંદિરનાં બનેં વિભાગમાં હોળીઉત્સવ ઉજવવામાંઆવ્યો.હોળીગીતો ઉમંગભેર ગાયાં,નાચ્યા, ખેલ્યા,કૂદયાં ને પછી ગુલાલ ઉડાડી આનંદભેર હોળી રમ્યા.

તા. ૨૭-૩-૨૦૦૦ ને સોમવારે તાલીમનાં બાળકો માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. બાળકોએ ચીવટપૂર્વક મરોડદાર અક્ષરથી સુલેખન કર્યું.

## શિશુમંદિર

તા.૧૬-૧૨-૯૯નાં રોજ કલાપ્રતિભાશોધ સ્પર્ધા યોજવામાં આવી. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો.

મિલેનીયમ વર્ષ નિમિત્તે ધો.૭ અ,૭ બ,૭ ક વચ્ચેપ્રશ્નોત્તરી સ્પર્ધા યોજાઈ જેમાં ૭ અ વિજેતા નિવડ્યું.

તા. ૮-૧-૨૦૦૦નાં રોજ પરંપરાગત રમકડાં બનાવવાની સ્પર્ધા યોજાઈ જેમાં ભાઈઓમાં પ્રથમ રાહીલ દવે,દ્વિતીય પ્રિયંકા શાહતથા વૈશલ દલાલ તૃતીય નીકેત શાહ અને વૈભવ દવે આવ્યા હતાં. બહેનોમાં પ્રથમ પ્રેક્ષા કોઠારી,દ્વિતીય ચાંદની પટેલ અને તૃતીય નેન્સી મહેતા આવ્યાં હતાં.

સહસ્ત્રાબ્દિ અંક સ્પર્ધામાં ધોરણ ૫ માં પ્રથમ રચીતા શાહ દ્વિતીય ખુશ્બુ સંઘવી, પ્રિયલ શાહ,તૃતીય કિરાતી ઠાકોર તથા જીનલ જાદવ આવ્યા છે. ધોરણ ૭માં પ્રથમ નીલ શાહ,દ્વિતીય ચિનાર શાહ,તૃતીય પીના જોષી તથા વ્રજેશ જાડાવાલા આવ્યા છે.

તા. ૨૧,૨૨ અને ૨૩ જાન્યુઆરીનાં રોજ શાળામાં પુસ્તક મેળો યોજાયો.

તા. ૨૧-૧-૨૦૦૦નાં રોજ રમતોત્સવ ઉજવવામાં આવ્યો. વ્યક્તિગત અને સાંઘિક રમતોમાં વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

તા. ૧૦-૨-૨૦૦૦નાં રોજ સ્વયંશિક્ષણદિન યોજવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યુ.

**હસ્તલિખિત અંકોઃ-** ગુજરાતીમાં 'મીરાબાઈનાં પદોનો સંગ્રહ'અને હિન્દીમાં ' કબીર અને તુલસીદાસ દોહાવાલીનાં સંગ્રહો 'વિદ્યાર્થીઓએ તૈયાર કર્યા.

મહાશિવરાત્રીનાં પર્વ નિમીત્તે ધોરણ ૧ થી ૪ માટે સ્ત્રોત્ર સ્તુતિ વિ.નો કાર્યક્રમ યોજાયો.

**પ્રવાસઃ-** તા. ૨૧-૨-૨૦૦૦નાં રોજ ધોરણ ૭નાં વિદ્યાર્થી ભાઈબહેનો વિશાલા ગયા. તા. ૨૧-૨-૨૦૦૦ અને તા. ૨૨-૨-૨૦૦૦નાં રોજ ધોરણ ૨ માટે અંબાજી,શામળાજી,ખેડબ્રહ્મા,તારંગા તથા મહુડી પ્રવાસ યોજાયો.તા. ૧૫-૩-૨૦૦૦ અને ૧૬-૩-૨૦૦૦ નાં રોજ ધોરણ ૧નાં બાળકો માટે અંબાજી,શામળાજી,ખેડબ્રહ્મા,તારંગા તથા મહુડીનો પ્રવાસ યોજાયો.

**આંતરગૃહ સ્પર્ધાઃ-**

**પતંગ ડેકોરેશનઃ-૧૨-૧-૨૦૦૦**

| | | | |
|---|---|---|---|
| | પ્રથમ | ખ્યાતિ ચુડાસમા | (ગંગોત્રી) |
| | દ્વિતીય | નિરલ મોદી | (ધવલગિરિ) |
| | તૃતીય | મૌલિક વ્યાસ | (ગંગોત્રી) |
| | | પૃથા બારડ | (મેઘનાદ) |

**પ્રિન્ટીંગ સ્પર્ધા :-** ભાઈઓ ૧૮-૧-૨૦૦૦

| | | | |
|---|---|---|---|
| | પ્રથમ | નિરલ મોદી | (ધવલગિરિ) |
| | | નીલ શાહ | (ધવલગિરિ) |
| | દ્વિતીય | મૌલિક વ્યાસ | (ગંગોત્રી) |
| | | શૈલ શાહ | (ગંગોત્રી) |
| **બહેનો** | પ્રથમ | ખ્યાતિ ચૂડાસમા | (ગંગોત્રી) |
| | | હેલી મહેતા | (ગંગોત્રી) |
| | દ્વિતીય | નિલ્જા પટેલ | ( મેઘનાદ) |
| | | શચિ ત્રિવેદી | (મેઘનાદ) |

**વકતૃત્વ સ્પર્ધાઃ-** ૧૯-૨-૨૦૦૦

| | | | |
|---|---|---|---|
| | પ્રથમ | પાર્થિવ ત્રિવેદી | (મેઘનાદ) |
| | દ્વિતીય | ઋતુલ જોષી | (ધવલગિરિ) |
| | તૃતીય | રાહુલ શાહ | (રત્નદીપ) |

**નાટય સ્પર્ધાઃ-**(કહેવતો આધારીત) ૨૮-૨-૨૦૦૦

| | | |
|---|---|---|
| | પ્રથમ | ધો. ૭ ની આંતરગૃહની બહેનો |
| | દ્વિતીય | ધો. ૭ ક ભાઈઓ |
| | તૃતીય | ધો. ૭ અ ભાઈઓ |

**વ્યક્તિગત અભિનય :-**બહેનો

| | | |
|---|---|---|
| | પ્રથમ | વિધિ શાહ |
| | દ્વિતીય | મિત્તલ મનાણી |
| | તૃતીય | હિરવા શાહ |
| | | મિમાંસા મહેતા |
| ભાઈઓ: | પ્રથમ | અમલ ગાંધી |
| | દ્વિતીય | પરીન ગાંધી |
| | તૃતીય | શૈલ શાહ |

**નાટય વેશભૂષા**

| | | |
|---|---|---|
| | પ્રથમ | મીમાંસા મહેતા |
| - | દ્વિતીય | જૈના મહેતા |
| | તૃતીય | રોમા શાહ |
| | | નિરલ મોદી |

**મહાશિવરાત્રી નિમિત્તે સ્તોત્ર સ્પર્ધાઃ-**૪-૩-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | રીમા જોષી | ( મેઘનાદ ) |
| દ્વિતીય | શનિ રાવલ | ( ગંગોત્રી ) |
| | આનલ વસાવડા | ( ગંગોત્રી ) |
| તૃતીય | પક્ષ્મન દવે | ( રત્નદીપ ) |
| | દર્શિની ત્રિવેદી | ( મેઘનાદ ) |

**નિર્ણાયક તરીકે શ્રી જાનકીબેન મિસ્ત્રીએ સેવા આપી**

વર્ષ દરમ્યાન લગભગ ૩૫ જેટલી આંતરગૃહ સ્પર્ધાઓ યોજાઈ જેનું પરિણામ નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | ગંગોત્રી | ૪૪૦ | ગુણ |
| દ્વિતીય | મેઘનાદ | ૩૦૯ | ગુણ |
| તૃતીય | ધવલગિરિ | ૨૩૭ | ગુણ |
| ચતુર્થ | રત્નદીપ | ૨૩૦ | ગુણ |

## વિનયમંદિર

**રમતોત્સવઃ** તા. ૨૪ તથા ૨૫મી જાન્યુઆરી ૨૦૦૦નાં રોજ ધોરણ ૮,૯ માટે રમતોત્સવ યોજાઈ ગયો. વિદ્યાર્થીઓ માટે સાંઘિક અને વ્યક્તિગ રમતોની સ્પર્ધાઓ યોજાઈ.

**બેડમિંગ્ટન સ્પર્ધાઃ** તા. ૩-૨-૨૦૦૦

| | | | |
|---|---|---|---|
| ભાઈઓ | પ્રથમ | અર્પણ ઝવેરી | (ચંદ્રમૌલિ) |
| | દ્વિતીય | મિહિર ચુડગર | (ગીતગોવિંદ) |
| | તૃતીય | દ્રુપદ પરીખ | (મેઘદૂત) |

બહેનો- તા. ૧૫-૨-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | પૂજા રાયબાગકર | (ગીતગોવિંદ) |
| દ્વિતીય | બિલંદી પરીખ | (મેઘદૂત) |
| તૃતીય | ઉષ્મા જોષી | (ચંદ્રમૌલિ) |

**પ્રવાસ :** તા. ૮-૨-૨૦૦૦ અને ૯-૨-૨૦૦૦નાં રોજ ધો.૮ , ૯ માટે બાલારામ , ભિલડીયાજી , પાટણ અને મોઢેરાનો પ્રવાસ યોજાયો.

તા.૯-૨-૨૦૦૦નાં રોજ ધોરણ ૧૧નાં ભાઈબહેનોએ સ્વયંશિક્ષણદિન ઉજવ્યો, વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું.

તા.૯-૨-૨૦૦૦નાં રોજ ધોરણ ૧૧નાં વિદ્યાર્થી ભાઈબહેનોએ રમતોત્સવ ઉજવ્યો.

તા.૧૮-૨-૨૦૦૦નાં રોજ ધો.૧૦ અને ધો.૧૨ ની જાહેર પરીક્ષામાં સારાં ગુણ માટે ઈનામો મેળવેલાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે પ્રાર્થનાસભામાં ઈનામ વિતરણ વિધિ યોજાયો. તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપી નવાજવામાં આવ્યા. ઉપરાંત એ જ કાર્યક્રમમાં લાયન્સ કલબ આયોજીત વકતૃત્વ સ્પર્ધાનાં વિજેતાઓને ઈનામો અને ભાગ લેનાર સ્પર્ધકોને શ્રી વશરામભાઈનાં હસ્તે પ્રમાણપત્રો આપવામાં આવ્યા.

## અભિનંદન

ચિત્ર : Young Envoys International હૈદ્રાબાદ આયોજીત National Exhibition of Art for children and young People on Kargil victory માં ચિ.ભૂમિ શાહને તથા ચિ. દિપેન શાહને ડિપ્લોમાં ઓફ ઓનરનાં પ્રમાણપત્રો મળ્યાં છે.

ક્ષિતિજ આર્ટ સોસાયટી ગુરગાંવ આયોજીત 4th All India Child Art Exhibition 99 માં ચિ. કિરાતી ઠાકોરને મેરીટ સર્ટીફીકેટ તથા ચિ.પરીશા દલાલને સર્ટીફીકેટ ઓફ ઓનર મળ્યાં છે.

અંજુમન આર્ટ એસોસીએશન ગુરગાંવ આયોજીત 1st All India child Art Exhibition માં ચિ. હર્ષિલ છપ્પન તથા ચિ.કિરાતી ઠાકોરને સર્ટીફીકેટ ઓફ મેરીટ મળ્યાં છે.

Korasala's wonder Art world International હૈદ્રાબાદ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.હર્ષિલ છપ્પન તથા ચિ.કિરાતી ઠાકોરને મેરીટ એવોર્ડ સર્ટીફીકેટ મળ્યાં છે. તથા ચિ. કિરાતી ઠાકોરને સુવર્ણચંદ્રક પણ મળ્યો છે.

Shankha All India Children's Art Competition માં ચિ.દક્ષ દેસાઈને સુવર્ણચંદ્રક ચિ.આત્મન ફોજદારને રૌપ્યચંદ્રક અને ચિ.સ્વપ્નિલ શાહને ઈનામ મળ્યાં છે.

Outlook સાપ્તાહિક આયોજીત ' My world in the new millenium ' ચિત્રસ્પર્ધામાં ચિ.નિસર્ગ શાહને ત્રીજું તથા ચિ.મૌલિ શાહને આશ્વાસન ઈનામ મળ્યાં છે.

આઈ.સી.ઈ.સી.ડી. આયોજીત ચિત્રસ્પર્ધામાં ચિ.નીલ શાહ અને મિલિન્દ પરીખને પ્રથમ , ઈશાન ઠાકરને દ્વિતીય , ચિ.શીલ નીતેશભાઈને ત્રીજું ઈનામ મળ્યું છે.

ગુજરાત રાજ્ય લલિતકલા એકાદમી તરફથી યોજાયેલ ચિત્ર પ્રદર્શનમાં ચિ.વિધિ યુ.શાહ, ચિ.રોહન શાહ અને ચિ.અભિજ્ઞ શાહને ઈનામો મળ્યાં છે.

**ચેસ :** ગુજરાત સ્ટેટ ચેસ એસોસિયેશન આયોજીત ચેસ ટુર્નામેન્ટમાં ચિ.સંવિત શાહે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

Ahmedabad Chess Academy આયોજીત ચેસ ટુર્નામેન્ટમાં ચિ.સ્વપ્નીલ શાહે ' એ ' વિભાગમાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

જે.એમ.દવે ચેસ ટુર્નામેન્ટમાં ચિ. આનંદ ત્રિવેદી પ્રથમ ચિ. સ્વપ્નીલ શાહ દ્વિતીય અને સંવિત શાહ પાંચમાં આવ્યાં છે.

**એથ્લેટીકસ :** કર્ણાવતી કલબ આયોજીત રમતોત્સવમાં ચિ.શ્રીરાજ શાહને ત્રણ રૌપ્યચંદ્રકો મળ્યાં છે.

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ અમદાવાદનાં ઉપક્રમે લેવાયેલ પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્ત એવોર્ડમાં ચિ.કૃપાલી મનાણીને શિષ્યવૃત્તિ મળી છે.

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.**

## બાલવાડી

બાલમંદિરના બ વિભાગ અને તાલીમ સાથે હાલ બાલમંદિરમાં ત્રણસો બાળકો તાલીમ લઈ રહયા છે. પરંતુ ત્રણ વર્ષથી નીચેનાં બાળકો માટે પણ ઈન્દ્રિય વિકાસ થઈ શકે તેવી પ્રવૃત્તિની જરૂરિયાત વાલીઓને તેમજ અમને જણાતી હતી. લાંબા મંથન પછી ત્રણ વર્ષથી નાના બાળકો માટે સોમથી શુક્ર દરરોજ સવારે ૨ કલાક માટે આવી પ્રવૃત્તિઓ આપવાનું નક્કી કર્યું. ત્યારે આ વિભાગ પ્રાયોગિક ધોરણે પચાસેક વિદ્યાર્થીઓ માટે શરૂ કરવા તેવી કલ્પના હતી. પરંતુ આ અંગેની જાહેરાત થતાંની સાથે ઠીકઠીક પ્રમાણમાં ધસારો થયો. બધાને સમાવી શકાયા ન હોવા છતાં ૧૨૫ સુધીની સંખ્યાને આંબવું પડયું છે. સોનામાં સુગંધ ભળે તે રીતે આ ઉમરે અને આવી તબિયતે સંસ્થાનાં જૂના કાર્યકર કે જેમણે લાંબા સમય સુધી બાલમંદિરને પોતાની ઉપયોગી સેવાઓ આપી છે, તેવા શ્રી જ્યોત્સનાબેનની સેવાનો લાભ સંસ્થાને મળવાનો છે તે આપણા સૌ માટે આનંદની વાત છે. વાલીઓ અને કાર્યકરોના સહકારથી આ પ્રયોગ સફળ થશે ને બાળકોના વિકાસ માટે તે બહુમૂલ્ય બનશે તેવો મને વિશ્વાસ છે.

**વિનંતી :** વિદ્યાર્થી ભાઈબહેનોને ખાસ વિનંતી કે તેમના જૂના પાઠયપુસ્તકો પરિક્ષાના છેલ્લા દિવસે વર્ગશિક્ષકને આપશો. ગામડામાં વસતાંઆર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે તે ઉપયોગી નિવડશે. માનવસેવાનાં આ કાર્યક્રમમાં સહકાર આપવા વિનંતી.

તંત્રી ,મુદ્રક,પ્રકાશકઃ **દિનુભાઈ દવે**, આચાર્ય અને નિયામક,
શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shaarad@satyam.net.in